ક્રમાંકઃ ચટણ/સ્થા.સ્વ/૧૩(૬)/૧૧૨૦૧૬/ક
રાજ્ય ચૂંટણી આયોગ
બ્લોક નંબર–૯, ૬ ઠ્ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર
તા.૨૨–૧૧–૨૦૨૧

# અખબારી યાદી

## ડિસેમ્બર ૨૦૨૧ માં રાજયની અંદાજિત ૧૦૮૭૯ ઉપરાંતની ગ્રામ પંચાયતોની સામાન્ય તથા વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીની જાહેરાત

૧. આ સાથે સામેલ પત્રક મુજબ રાજયની અંદાજિત ૧૦૮૭૯ ઉપરાંતની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર તેમજ પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણી યોજવા રાજય ચૂંટણી આયોગે નીચે મુજબનો ચૂંટણી કાર્યક્રમ જાહેર કરેલ છે.

**ચૂંટણીનો કાર્યક્રમ**

| અ.નં. | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | ચૂંટણીની જાહેરાતની તારીખ | **૨૨.૧૧.૨૦૨૧** |
| ૨ | ચૂંટણીની નોટીસો/જાહેરનામા પ્રસિધ્ધ કરવાની તારીખ | **૨૯.૧૧.૨૦૨૧** |
| ૩ | ઉમેદવારીપત્રો ભરવાની છેલ્લી તારીખ | **૦૪.૧૨.૨૦૨૧** |
| ૪ | ઉમેદવારીપત્રો ચકાસણી કરવાની તારીખ | **૦૬.૧૨.૨૦૨૧** |
| ૫ | ઉમેદવારીપત્રો પરત ખેંચવાની છેલ્લી તારીખ | **૦૭.૧૨.૨૦૨૧** |
| ૬ | મતદાનની તારીખ તથા સમય | **૧૯.૧૨.૨૦૨૧ (રવિવાર) સવારના ૭–૦૦ વાગ્યાથી સાંજના ૬–૦૦ વાગ્યા સુધી** |
| ૭ | પુનઃ મતદાનની તારીખ ( જરૂરી જણાય તો) | **૨૦.૧૨.૨૦૨૧** |
| ૮ | મતગણતરીની તારીખ | **૨૧.૧૨.૨૦૨૧** |
| ૯ | ચૂંટણી પ્રક્રિયા પૂરી થવાની તારીખ | **૨૪.૧૨.૨૦૨૧** |

(૧) ગ્રામ પંચાયતની ચૂંટણી હેઠળના વિસ્તારોમાં **તા.૨૨.૧૧.૨૦૨૧** ના રોજ ચૂંટણીઓની જાહેરાતથી આદર્શ ચૂંટણી આચારસંહિતા અમલમાં આવે છે.

(૨) આ ૧૦૮૭૯ અંદાજિત ગ્રામ પંચાયતોમાં **૧૦૨૮૪** સરપંચની ચૂંટણી તેમજ અંદાજિત ૮૯૭૦૨ વોર્ડોમાં સભ્યોની ચૂંટણી યોજાશે. સાથો સાથ આ સિવાયની જે ગ્રામ પંચાયતોની મુદત તા.૩૧.૦૩.૨૦૨૨ પછી પૂરી થાય છે તેવી અને જેની મુદત પૂરી થવામાં એક વર્ષ કરતાં વધુ સમય બાકી હોય તેમાં પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણી પણ યોજાશે. સાથોસાથ વિભાજનવાળી અને મધ્યસત્ર ચૂંટણી વાળી ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ પણ યોજાશે.

(૩) રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંકઃ રાચપ–ચટણ–સ્થા.સ્વ.–૩૬(૩)–૬૨૦૧૧–ક, તા.૧૩–૬–૨૦૧૧ થી ગ્રામ પંચાયતની ચંટણી યોજવાના અધિકારો જે તે પ્રાંત અધિકારીશ્રીઓને સુપ્રત કરવામાં આવેલ હોઈ, ગ્રામ પંચાયતની ચૂંટણીના જાહેરનામાં તેઓ ધ્વારા બહાર પાડવામાં આવશે.

(૪) ગ્રામ પંચાયતની ચૂંટણીમાં સરપંચના હોદ્દા માટે કે ગ્રામ પંચાયતના સભ્ય તરીકે ઉમેદવારી કરતા ઉમેદવારોએ ગુનાહિત ભૂતકાળ તેમજ મિલકત–દેવા–શૈક્ષણિક લાયકાત માટે ઉમેદવારીપત્રના સંબંધિત ભાગમાં ઉમેદવારીપત્ર ચૂંટણી અધિકારીને આપતી વખતે ઉમેદવારે નિયત નમૂનામાં સાદા કાગળ પર એકરારનામું ચૂંટણી અધિકારી સમક્ષ રજુ કરવાનું રહેશે.

(૫) આ ચૂંટણીમાં મતદાન સમયે, મતદારે ભારતના ચૂંટણી પંચ દ્વારા આપવામાં આવેલ ઓળખપત્ર (EPIC) રજૂ કરવાનું રહેશે. (EPIC) રજૂ કરી શકે તેમ ન હોય તો, સંબંધિત મતદારની ઓળખ પ્રસ્થાપિત થાય તે માટે મતદાર, રાજ્ય ચૂંટણી આયોગના તા.૨૬–૧૧–૨૦૧૬ ના આદેશ ક્રમાંક : રાચઆ–ચટણ–

સ્થા.સ્વ.-૨૫- ૧૧૨૦૧૬-ક થી નિયત કરેલ જુદા જુદા ફોટાવાળા દસ્તાવેજો પૈકી કોઈ એક દસ્તાવેજ રજૂ કરી શકશે.

(૪) રાજ્ય ચૂંટણી આયોગે, આ ચૂંટણી માટેના મતદાનનો સમય સવારે ૭-૦૦ વાગ્યાથી સાંજના ૬-૦૦ વાગ્યા સુધીનો નક્કી કરેલ છે.

(૫) કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને મતદારો નિર્ભય રીતે મતદાન કરી શકે તે અંગે પુરતો પોલીસ બંદોબસ્ત પણ સુનિશ્ચિત કરવામાં આવશે.

(૬) આ ગ્રામ પંચાયતની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીમાં મતપેટીના ઉપયોગથી મતદાન લેવામાં આવશે. મતદારોએ તેમનો મત મતપત્ર પર એરોક્રોસ માર્ક સિક્કાથી નોંધવાનો રહેશે.

૨. નોટા (NOTA) નો અમલ કરવાનો રહે છે.

૩. રાજ્ય ચૂંટણી આયોગ મતદારોને પાયાની લોકશાહીને વધુ મજબુત કરવા પોતાનાં મતાધિકારનો ઉપયોગ કરી, મતદાન કરવા અનુરોધ કરે છે. આયોગ મતદારો, ઉમેદવારો, સર્વે રાજકીય પક્ષો અને જાહેર જનતા તરફથી પાયાની લોકશાહીની આ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણી મુકત, ન્યાયી અને શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય તે માટે આ રાષ્ટ્રીય / સંવૈધાનિક કામમાં સંપૂર્ણ સહકારની અપેક્ષા રાખે છે.

**( જી.સી બ્રહમભટ્ટ )**
**સચિવ**
**રાજ્ય ચૂંટણી આયોગ**
**ગાંધીનગર**

**પ્રતિ,**
**માહિતી કમિશ્નરશ્રી,**
**ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર**
આ સાથે **૨૫** નકલ સામેલ છે, રાજ્યના તથા જિલ્લાના સ્થાનિક અખબારો સહિત બહોળી પ્રસિદ્ધિ ધરાવતાં જુદા જુદા સર્વે વર્તમાનપત્રોમાં આ અખબારી યાદી વિનામૂલ્યે પ્રસિદ્ધ થાય તે જોવા તેમજ ઈલેક્ટ્રોનિક મીડિયાને સૂચિત કરવા વિનંતી સહ.

**નકલ સવિનય રવાના:-**
- મુખ્ય સચિવશ્રી, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિર્દેશકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

**નકલ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ રવાના :**
- જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, તમામ.
  આપના જિલ્લા પૂરતી જુદી અખબારી યાદી આપવા તથા આ અખબારી યાદીની પણ વિવિધ પ્રસાર માધ્યમો ધ્વારા બહોળી પ્રસિદ્ધિ થાય તે જોવાની વિનંતી સહ.
- રાજ્ય ચૂંટણી આયોગમાં નોંધાયેલ સર્વે રાજકીય પક્ષો.
- રાજ્ય ચૂંટણી આયોગના સર્વે અધિકારીશ્રીઓ/ સર્વે શાખાઓ.
- સિલેકટ ફાઈલ.

**નકલ રવાના :-**
૧. માન. કમિશ્નરશ્રીના રહસ્ય સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર.
૨. સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર.

| ચૂંટણી |
|---|
| આચાર સંહિતા |

ક્રમાંકઃ ઈએલસી–સી.ઓ.સી.–૩(૭)–૧૧૨૦૨૧–ક
રાજ્ય ચૂંટણી આયોગ,
બ્લોક નંબર–૯, ૬ ઠ્ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :૨૨.૧૧.૨૦૨૧

વિષયઃ– ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી ડિસેમ્બર–૨૦૨૧ મુક્ત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજવા અંગેની આદર્શ આચાર સંહિતાના અમલ તેમજ અધિકારી/કર્મચારીઓની બદલી તેમજ રજા પર પ્રતિબંધ.

**પરિપત્ર :**

૧. આ સાથેના પત્રક મુજબની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી તા.૧૯.૧૨.૨૦૨૧ના રોજ યોજવા રાજ્ય ચૂંટણી આયોગે તા.૨૨.૧૧.૨૦૨૧ ના રોજ જાહેરાત કરેલ છે. આથી આ ચૂંટણીમાં ઉમેદવારો અને રાજકીય પક્ષો માટે આદર્શ આચાર સંહિતા તા.૨૨.૧૧.૨૦૨૧ થી ગ્રામ પંચાયતોની ચૂંટણી હેઠળના વિસ્તારમાં અમલમાં આવે છે. સદરહુ આચાર સંહિતાની કેટલીક બાબતોનો અમલ સત્તાધારી પક્ષે પણ કરવાનો રહે છે.

**ગ્રામ પંચાયતોની સામાન્ય /વિભાજન/મધ્યસત્ર/ પેટા ચૂંટણી માટેનો કાર્યક્રમ**

| અ.નં. | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | ચૂંટણીની જાહેરાતની તારીખ | **૨૨.૧૧.૨૦૨૧** |
| ૨ | ચૂંટણીની નોટીસો/જાહેરનામા પ્રસિધ્ધ કરવાની તારીખ | **૨૯.૧૧.૨૦૨૧** |
| ૩ | ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ | **૦૪.૧૨.૨૦૨૧** |
| ૪ | ઉમેદવારી પત્રો ચકાસણી કરવાની તારીખ | **૦૬.૧૨.૨૦૨૧** |
| ૫ | ઉમેદવારી પત્રો પરત ખેંચવાની છેલ્લી તારીખ | **૦૭.૧૨.૨૦૨૧** |
| ૬ | મતદાનની તારીખ તથા સમય | **૧૯.૧૨.૨૦૨૧ (રવિવાર)** સવારના ૭–૦૦ વાગ્યા થી સાંજના ૬–૦૦ વાગ્યા સુધી |
| ૭ | પુનઃ મતદાનની તારીખ ( જરૂરી જણાય તો) | **૨૦.૧૨.૨૦૨૧** |
| ૮ | મતગણતરીની તારીખ | **૨૧.૧૨.૨૦૨૧** |
| ૯ | ચૂંટણી પ્રક્રિયા પૂરી થવાની તારીખ | **૨૪.૧૨.૨૦૨૧** |

૨. ગ્રામ પંચાયતોની સામાન્ય /વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી હેઠળના વિસ્તારોમાં આચાર સંહિતાનો ચુસ્તપણે અમલ થાય તે માટે જે તે કચેરીઓને જણાવવામાં આવે છે.

૩. રાજ્ય ચૂંટણી આયોગે આચાર સંહિતા સંબંધે નીચે પ્રમાણે આદેશ કરેલ છે.

| અ.નં. | આદેશનો વિષય | આદેશના નંબર/તારીખ |
|---|---|---|
| ૧ | શાસક પક્ષ, રાજકીય પક્ષો કે ઉમેદવારોએ/વહીવટી તંત્ર દ્વારા/કાયદો અને વ્યવસ્થાની જાળવણી અંગે સંબંધિતોએ અમલ કરવાની આદર્શ આચાર સંહિતા | ક્રમાંકઃરાચપ–ચટણ–સીઓસી–સ્થા.સ્વ.–૧૩૮(૧)–૧૧૨૦૨૧–ક, તા.૧૭–૧૧–૨૦૨૧ |

ઉપરોક્ત આદેશ સંબંધિત તમામ કચેરી / વિભાગો / રાજકીય પક્ષોને મોકલી આપેલ છે. આ આદેશો રાજ્ય ચૂંટણી આયોગની વેબસાઈટ sec.gujarat.gov.in પર મૂકેલ છે.

૪. સંબંધિત તમામ કચેરીઓને વિનંતી કરવામાં આવે છે કે ચૂંટણી હેઠળના જિલ્લાઓના રાજય સરકારના વિવિધ ખાતાના/કચેરીના વડાઓ **ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/ પેટા ચૂંટણી** દરમ્યાન તાકીદના તબીબી કારણો સિવાય તેમની હેઠળના આ ચૂંટણી સાથે સંકળાયેલા કર્મચારીઓ / અધિકારીઓની રજા મંજૂર કરે નહિ.

૫. આચાર સંહિતાના અમલ દરમ્યાન ચૂંટણી હેઠળના વિસ્તારોમાં
   (અ) ચૂંટણીની કામગીરી સંબંધમાં અધિકારીઓ / કર્મચારીઓની રજા મંજૂર કરી શકાશે નહિ તેમજ બદલી કરી શકાશે નહિ.
   (બ) સરકારી સેવાઓ અને જાહેર સાહસોમાં નિમણૂક આપી શકાશે નહિ.
   (ક) મતદારો પ્રભાવિત થાય તેવી કોઈપણ પ્રકારની જાહેરાત કરી શકાશે નહિ તેમજ વચનો આપી શકાશે નહિ.
   (ડ) કોઈપણ રૂપમાં કોઈપણ જાતની નાણાંકીય ગ્રાન્ટ અથવા તેના વચનોની જાહેરાત કરાશે નહિ.
   (ઈ) વિવેકાધીન ફંડમાંથી ચૂકવણી મંજૂર કરાશે નહિ.

૬. આ સૂચનાઓ ગુજરાત વિધાનસભાના માન. અધ્યક્ષશ્રી, માન. મુખ્યમંત્રીશ્રી, સર્વે મંત્રીશ્રીઓના ધ્યાન પર મુકવા તેઓના સચિવશ્રી / અંગત સચિવશ્રીઓને વિનંતી કરવામાં આવે છે.

૭. સચિવાલયના સર્વે વિભાગોને ઉપર્યુકત સૂચનાઓ તેઓની હેઠળના ખાતા / કચેરી તેમજ બોર્ડ, નિગમ તથા સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના વડાઓના ધ્યાન પર તાત્કાલિક મૂકવા વિનંતી કરવામાં આવે છે.

૮. આ સૂચનાનો અમલ **તા.૨૨.૧૧.૨૦૨૧** થી (જાહેરાતની તારીખ) થી **તા.૨૧.૧૨.૨૦૨૧** (પરિણામની જાહેરાત) સુધી કરવાનો રહે છે.

રાજય ચૂંટણી આયોગના આદેશથી,

**( જી.સી બ્રહમભટ્ટ )**
**સચિવ**
**રાજય ચૂંટણી આયોગ**
**ગાંધીનગર**

**પ્રતિ,**

- ગુજરાત વિધાનસભાના માન. અધ્યક્ષશ્રીના અંગત સચિવશ્રી.
  માન.અધ્યક્ષશ્રીના ધ્યાને મૂકવાની વિનંતી સહ
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, માન. મુખ્ય મંત્રીશ્રીના ધ્યાને મુકવાની વિનંતી સહ.
- સર્વે માન.મંત્રીશ્રીઓ, રાજય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.(માન. મંત્રીશ્રીઓના ધ્યાને મૂકવાની વિનંતી સહ)
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર
  માન. વિરોધપક્ષના નેતાશ્રીના ધ્યાને મૂકવા વિનંતી સહ
- મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો,
  સર્વે ખાતાના વડાઓને તથા સર્વે બોર્ડ/કોર્પોરેશનના વહીવટી સંચાલકશ્રીઓને આ અંગેની તાત્કાલિક જાણ કરવાની વિનંતી સહ.
- પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ વડાશ્રી, પોલીસ ભવન,ગાંધીનગર
- જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, તમામ
  સર્વે ચૂંટણી અધિકારીશ્રી તથા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી અને અન્ય સર્વે સંબંધિત અધિકારીશ્રીઓ / કચેરીઓ/ રાજકીય પક્ષોને આ અંગે તાત્કાલિક જાણ કરવાની વિનંતી સહ.
- પોલીસ અધિક્ષકશ્રી, તમામ
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી, તમામ
- રાજય ચૂંટણી આયોગ સમક્ષ નોંધાયેલ સર્વે રાજકીય પક્ષો
- માહિતી કમિશનરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર
  જરૂરી પ્રસિધ્ધિ આપવા સારૂ
- રાજય ચૂંટણી આયોગના સર્વે અધિકારીઓ / સર્વે શાખાઓ.
- રાજય ચૂંટણી કમિશનરશ્રીના રહસ્ય સચિવશ્રી, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રીના અંગત મદદનીશ, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર.
- સીલેકટ ફાઈલ

તા.૧૯.૧૨.૨૦૨૧ના રોજ યોજાનાર સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ હેઠળની ગ્રામ પંચાયતોની અંદાજિત સંખ્યાની વિગતનું પત્રક :–

| અ.નં. | જિલ્લાનું નામ | ગ્રામ પંચાયતોની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૪૧૧ |
| ૨ | અમરેલી | ૫૨૮ |
| ૩ | અરવલ્લી | ૨૩૧ |
| ૪ | આણંદ | ૨૧૩ |
| ૫ | કચ્છ | ૪૮૨ |
| ૬ | ખેડા | ૪૩૨ |
| ૭ | ગાંધીનગર | ૧૭૯ |
| ૮ | ગીર સોમનાથ | ૨૯૯ |
| ૯ | છોટાઉદેપુર | ૨૪૭ |
| ૧૦ | જામનગર | ૨૬૮ |
| ૧૧ | જૂનાગઢ | ૪૩૨ |
| ૧૨ | ડાંગ | ૭૦ |
| ૧૩ | તાપી | ૨૬૮ |
| ૧૪ | દાહોદ | ૩૬૧ |
| ૧૫ | દેવભૂમિ દ્વારકા | ૧૭૫ |
| ૧૬ | નર્મદા | ૨૦૦ |
| ૧૭ | નવસારી | ૩૨૨ |
| ૧૮ | પંચમહાલ | ૩૭૯ |
| ૧૯ | પાટણ | ૨૦૮ |
| ૨૦ | પોરબંદર | ૧૩૫ |
| ૨૧ | બનાસકાંઠા | ૬૫૩ |
| ૨૨ | બોટાદ | ૧૫૭ |
| ૨૩ | ભરૂચ | ૫૦૩ |
| ૨૪ | ભાવનગર | ૪૩૭ |
| ૨૫ | મહિસાગર | ૨૭૩ |
| ૨૬ | મહેસાણા | ૧૬૩ |
| ૨૭ | મોરબી | ૩૨૦ |
| ૨૮ | રાજકોટ | ૫૪૮ |
| ૨૯ | વડોદરા | ૩૨૯ |
| ૩૦ | વલસાડ | ૩૩૪ |
| ૩૧ | સાબરકાંઠા | ૩૨૫ |
| ૩૨ | સુરત | ૪૯૮ |
| ૩૩ | સુરેન્દ્રનગર | ૪૯૯ |
| કુલ:– | | ૧૦૮૭૯ |

## ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીનો કાર્યક્રમ

| અ.નં. | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | ચૂંટણીની જાહેરાતની તારીખ | ૨૨.૧૧.૨૦૨૧ |
| ૨ | ચૂંટણીની નોટીસો/જાહેરનામા પ્રસિધ્ધ કરવાની તારીખ | ૨૯.૧૧.૨૦૨૧ |
| ૩ | ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ | ૦૪.૧૨.૨૦૨૧ |
| ૪ | ઉમેદવારી પત્રો ચકાસણી કરવાની તારીખ | ૦૬.૧૨.૨૦૨૧ |
| ૫ | ઉમેદવારીપત્રો પરત ખેંચવાની છેલ્લી તારીખ | ૦૭.૧૨.૨૦૨૧ |
| ૬ | મતદાનની તારીખ તથા સમય | ૧૯.૧૨.૨૦૨૧<br>(રવિવાર)<br>સવારના ૭–૦૦ વાગ્યાથી<br>સાંજના ૬–૦૦ વાગ્યા સુધી |
| ૭ | પુનઃ મતદાનની તારીખ ( જરૂરી જણાય તો) | ૨૦.૧૨.૨૦૨૧ |
| ૮ | મતગણતરીની તારીખ | ૨૧.૧૨.૨૦૨૧ |
| ૯ | ચૂંટણી પ્રક્રિયા પૂરી થવાની તારીખ | ૨૪.૧૨.૨૦૨૧ |

(જી.સી બ્રહમભટ્ટ)
સચિવ
રાજય ચૂંટણી આયોગ
ગાંધીનગર

સ્થળઃ ગાંધીનગર
તા.૨૨.૧૧.૨૦૨૧